# EDII: વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઇનોવેશન વીક ઉજવાયું

**નવગુજરાત સમય** > અમદાવાદ: આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII) દ્વારા 'વર્લ્ડ ક્રિએટિવિટી એન્ડ ઇનોવેશન વીક' નિમિત્તે કેમ્પસમાં જ ખાસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં સાણંદ જીઆઇડીસીના વિમેન ઇન્ડસ્ટ્રિયલ પાર્કની મહિલા ઉદ્યોગ સાહસિકો તથા આર્કિટેક્ચરલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તત્વમ કમ્યુનિકેશનના સહયોગથી યોજાયેલી કોન્ફરન્સમાં કૌશલ્ય વિકાસ, મહિલાઓના ઉત્કર્ષ તથા સસ્ટેનેબલ આર્કિટેક્ચરમાં ઇનોવેશનની ભુમિકા ઉપર વાત થઇ હતી. જેમાં વુમન વિંગ જીસીસીઆઇના પૂર્વ ચેરપર્સન નીતા શાહ, વજ ઓ'ફોર્સ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશનના રુઝાન ખંભાતા, તત્વમ કન્સલ્ટન્સીના તેજસ મોજીદ્રા, સેન્ટર ફોર ક્લાઇમેટ ચેન્જ એન્ડ ક્લિન ડેવલપમેન્ટ ઇનિશિયેટિવના ડિરેક્ટર તેમજ ઇસરોના પૂર્વ વિજ્ઞાની પી.એસ. ઠક્કર અને ઇસરોના પૂર્વ વિજ્ઞાની સી.એન. નાગરાનીએ સંબોધન કર્યું હતું.